For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in








■ સુરત સહિત દ.ગુ.માં અનેક પેટ્રોલ પંપો પર સાંજે જ સ્ટોક ખાલી થઈ જવાની સાથે અનેક પંપો બંધ થઈ ગયા હતા. અનેક પેટ્રોલ પંપ પર સ્ટોક નથીનાં પાટીયાં લગાડી દેવાયાં હતાં.

# ‘નો સ્ટોક’: સાંજે જ પેટ્રોલ પંપો બંધ

**સુરત** સહિત દ.ગુ.માં સતત ત્રીજા દિવસે પેટ્રોલ પંપો પર સાંજે જ સ્ટોક ખલાસ, જ્યાં પેટ્રોલ હતું ત્યાં લાંબી લાઈનો લાગી

સુરત,વલસાડ, પારડી, દમણ, ધરમપુર, ઘેજ, બારડોલી, હથોડા, ભરૂચ, માંડવી, કુકરમુંડા, ખેરગામ: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ઓઈલ અને સોનાને લગતા નિવેદનો બાદ પરિસ્થિતિ ગંભીર સ્વરૂપ પકડે એવી સંભાવના દેખાઈ રહી છે. તેમના

...અનુસંધાન પાના 9 પર

### પંપો ઉપર રેશનિંગની જેમ પેટ્રોલ-ડીઝલ અપાયું

વલસાડ ઉપરાંત નવસારી જિલ્લાના ખેરગામમાં આવેલા પેટ્રોલ પંપો ઉપર બાઇક કે મોપેડમાં પેટ્રોલ પંપ માલિકો દ્વારા રેશનિંગ લાગુ કરી દેવાયું હોવાનું જાણવા મળ્યું હતું. આ વાત ધીરે ધીરે ગ્રાહકો સુધી પહોંચતા પેટ્રોલ પંપો ઉપર વાહનોની કતાર લાગવા લાગી હતી. કપરાડા અને નાનાપોંઢાના કેટલાક પેટ્રોલ પંપો

...અનુસંધાન પાના 9 પર

### આગામી 3-4 દિવસમાં પેટ્રોલની શોર્ટ સપ્લાયને સમસ્યાનો ઉકેલ આવશે, DSOને પેટ્રોલિયમ કંપનીઓની ખાતરી

સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ સહિતના આગેવાનોએ જિલ્લા પુરવઠા અધિકારી સાથે બેઠક કરી પરિસ્થિતિ અંગે ગંભીર રજૂઆત કરી હતી. એસોસિએશને જણાવ્યું હતું કે, એક જ કંપનીના જુદા જુદા વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપોને સમાન પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો મળી રહ્યો નથી. કેટલાક પંપોને રોજના ત્રણ ટેન્કરની જરૂરિયાત હોવા છતાં માત્ર એક કે બે ટેન્કર જ આપવામાં આવી રહ્યાં છે. જેના કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ જ પેટ્રોલ ખૂટવાની સ્થિતિ સર્જાઈ રહી છે. ડીલર્સે વધુમાં રજૂઆત કરી હતી કે, ખાનગી કંપની નાયરાના પેટ્રોલ અને ડીઝલના ભાવ સરકારી કંપનીઓ કરતાં વધુ હોવાથી ગ્રાહકો

...અનુસંધાન પાના 9 પર

### નિઝરમાં પેટ્રોલ પંપ પર ઇંધણ માટે ખેડૂતો પાસે 7/12ના ઉતારા મંગાયા

વેલદા ટાંકીથી નિઝર સુધી આવેલા કુલ 6 પેટ્રોલ પંપ પૈકી 5 પેટ્રોલ પંપ ગતરોજ બંધ હાલતમાં જોવા મળ્યા હતા. જેથી જ્યાં પંપ ચાલુ હતા ત્યાં કતારો લાગી હતી કુકરમુંડા તાલુકાના લોકો અને ખેડૂતો પણ નિઝરના પેટ્રોલ પંપ પર આધારિત રહે છે. જેથી નિઝરના પેટ્રોલ પંપ પર વધુ દબાણ સર્જાયું હતું.

...અનુસંધાન પાના 9 પર

# સાયન્સમાં 98 ટકા અને કોમર્સ-હ્યુમેનિટીઝમાં 98.5 ટકા પરિણામ સાથે

# CBSEમાં ધો.12નાં પરિણામોમાં સુરતનો ડંકો

**સાયન્સમાં** પી.પી. સવાણી ગ્રુપની વંશિતા મોહાતા 97.4 ટકા સાથે પ્રથમનો દાવો

**જી.ડી.** ગોએન્કાનો સોહમ બોરાડે સાયન્સમાં 97.2 ટકા સાથે સુરતમાં દ્વિતીય

**કોમર્સમાં** એસ.ડી. જૈનની આસ્થા દારૂકા 99 ટકા સાથે પ્રથમનો દાવો

સુરતઃ CBSE દ્વારા જાહેર કરાયેલા ધોરણ-12 બોર્ડ પરીક્ષાના પરિણામમાં સુરત શહેર અને જિલ્લાના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન નોંધાવી શિક્ષણ ક્ષેત્રે શહેરની મજબૂત ઓળખને

...અનુસંધાન પાના 9 પર

### કોમર્સ અને હ્યુમેનિટીઝમાં વધુ તેજસ્વી પરિણામ

કોમર્સ અને હ્યુમેનિટીઝ પ્રવાહમાં વિદ્યાર્થીઓએ વધુ પ્રભાવશાળી પરિણામ નોંધાવ્યું છે. આ પ્રવાહમાં કુલ 3360 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી 98.5 ટકા વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. એકાઉન્ટન્સી, બિઝનેસ સ્ટડીઝ, અર્થશાસ્ત્ર અને હ્યુમેનિટીઝના વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ દેખાવ કર્યો છે.

### જીડી ગોએન્કા સ્કૂલના સોહમ બોરાડે ટ્યુશન-ગાઈડબૂક્સ વિના ટોપ કર્યું



જી. ડી. ગોયેન્કા ઇન્ટરનેશનલ સ્કૂલમાં સાયન્સ વિભાગમાં અભ્યાસ કરતો અને વરાછા ખાતેની સ્નેહમિલન સોસાયટીનો 18 વર્ષીય સોહમ ઉમેશભાઈ બોરાડે CBSE બોર્ડર્સમાં ટોપ કર્યું છે. વિશેષ વાત એ છે કે તેમના પિતા એક રત્નકલાકાર હોઈ સોહમે કોઈ પણ ટ્યુશન અથવા ગાઈડબુક્સનો સહારો લીધા વિના માત્ર શાળાકીય અભ્યાસ અને NCERT પુસ્તકો પર આધાર રાખી 97.2 % (486-500) મેળવ્યા હતા. તેમની આ સફળતા સેલ્ફ સ્ટડી અને આત્મવિશ્વાસનો એક ઉત્તમ ઉદાહરણ છે.

### પરિસ્થિતિ નહીં પરંતુ પરિશ્રમ માણસને ઊંચાઈ સુધી પહોંચાડે: અનિવૃત્ત ગોહિલ



સામાન્ય પ્રવાહમાં જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલના અનીવૃત ગોહિલે 500માંથી 478 ગુણ મેળવી શાળામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. અનીવૃતના પિતા સ્ટોન ચોટાડવાનું કામ કરે છે. મર્યાદિત પરિસ્થિતિઓ વચ્ચે પણ અનીવૃતે કોઈપણ ટ્યુશન ક્લાસ વગર માત્ર શાળાના શિક્ષકોના માર્ગદર્શન અને પોતાની મહેનતના બળ પર આ સફળતા મેળવી છે. અનીવૃત ગોહિલે જણાવ્યું હતું કે, “પરિસ્થિતિ નહીં પરંતુ પરિશ્રમ માણસને ઊંચાઈ સુધી પહોંચાડે છે.”

### સાચી લગન, સંકલ્પ અને મહેનત હોય તો કોઈપણ સપનું અશક્ય નથી: પ્રિન્સ સહાની



વિજ્ઞાન પ્રવાહમાં .બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલની પ્રિન્સ સહાનીએ 500માંથી 467 ગુણ મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રિન્સના પિતા મિલમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. આર્થિક અને મર્યાદિત પરિસ્થિતિઓ હોવા છતાં પ્રિન્સે કોઈપણ ટ્યુશન ક્લાસ વગર માત્ર શાળાના શિક્ષકોના માર્ગદર્શન, આત્મવિશ્વાસ અને સખત મહેનતથી આ સફળતા હાંસલ કરી છે. પ્રિન્સ સહાનીએ જણાવ્યું હતું કે, “સાચી લગન, સંકલ્પ અને મહેનત હોય તો કોઈપણ સપનું અશક્ય નથી.”

### સાયન્સમાં સુરતમાં ટોપર

| સાયન્સ ટોપર | (માર્ક્સ) | સ્કૂલનું નામ |
|---|---|---|
| વંશિકા મોહાતા | 97.40% | PP સવાણી ગ્રુપ |
| સોહમ બોરાડ | 97.20% | જી. ડી. ગોએન્કા |
| શાશ્વત ટિબરેવાલ | 96.80% | એલ.પી.સવાણી |
| અર્પિત બાબાની | 96.80% | DPS સુરત |
| ભૂમિત/સૌમ્યા | 96.60% | રેડિયન્ટ ઇન્ટરનેશનલ |
| દ્વિજા વાશી | 96.20% | વ્હાઇટ લોટસ સ્કૂલ |
| વ્રજ જોષી | 94.80% | શ્રી સ્વામિનારાયણ અકેડમી |
| વેદાંત શર્મા | 94.60% | એસ. ડી. જૈન સ્કૂલ |
| પ્રિન્સ સહાની | 93.40% | જે.બી. એન્ડ કાર્પ |
| વ્રજ પટેલ | 93.20% | સ્કોલર ઈંગ્લિશ |
| વિદુષી બંસલ | 92.80% | અગ્રવાલ વિદ્યા વિહાર |
| જ્યોત ચકલાસિયા | 82.60% | માઉન્ટ લિટેરા ઝી સ્કૂલ |

### કોમર્સમાં સુરતના ટોપર

| કોમર્સ ટોપર | (માર્ક્સ) | સ્કૂલનું નામ |
|---|---|---|
| આસ્થા દારૂકા | 99.00% | એસ. ડી. જૈન મોર્ડન સ્કૂલ |
| ભવ્યા ઝુનઝુનવાલા | 98.80% | જી. ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ |
| હર્ષિત કાસટ | 98.80% | એસ.બી.આર. મહેશ્વરી વિદ્યાપીઠ |
| છવી પટવારિકા | 98.80% | અગ્રવાલ વિદ્યા વિહાર |
| ભવ્ય પટેલ | 98.60% | PP સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સ |
| ઇપ્શિતા અગ્રવાલ | 98.60% | DPS (દિલ્હી પબ્લિક સ્કૂલ) સુરત |
| પર્વ શાહ | 98.40% | એલ.પી.સવાણી ગ્રુપ |
| રાજવી ગોનાવાલા | 97.40% | શ્રી સ્વામિનારાયણ અકેડમી |
| સહિગારા ઇબ્રાહિમ | 96.60% | કન્ટ્રીસાઇડ ઇન્ટરનેશનલ સ્કૂલ |
| જયદીપ પારેખ | 96.20% | શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલ |
| વત્સલ કાબરા | 96.20% | સ્કોલર ઈંગ્લિશ એકેડમી |
| અનીવૃત ગોહિલ | 95.60% | જે.બી. એન્ડ કાર્પ વિદ્યાસંકુલ |
| ધિયાન દેસાઈ | 95.00% | માઉન્ટ લિટેરા ઝી સ્કૂલ |
| જાલક પટેલ | 88.80% | વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલ |

# કડોદ નજીક સિંહ દેખાયાની ચર્ચા બાદ ફૂટ માર્કની તપાસ

**પાંજરામાં** મારણ તરીકે મરઘી અને પાણીની વ્યવસ્થા કરાઈ

**વનવિભાગ** કેમેરાનું ચેકિંગ કરશે સિંહ છે કે કેમ?

કડોદઃ બારડોલીના કડોદ અને ઝરીમોરા ગામ વચ્ચે આવેલી ગોડાખાડી વિસ્તારમાં સિંહ દેખાયો હોવાની ઘટનાને પગલે લોકોમાં હજુ ભય છે. સોમવારે સવારે અંદાજે ૭:૩૦ વાગ્યાની આસપાસ મજૂરી કામ અર્થે જઈ રહેલા ચિંતુ મનહર પટેલે સિંહને જોયો હોવાનું જણાવતાં આ વાત વાયુવેગે પંથકમાં ફેલાઈ ગઈ હતી.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં અગાઉ ક્યારેય સિંહ જોવા મળ્યો નથી, માત્ર દીપડા દેખાતા હોય છે, જેથી સિંહની હાજરીની વાત આશ્ચર્ય અને ફફડાટ જન્માવનારી છે. આ બનાવ બાદ વન વિભાગે સાવચેતીના ભાગરૂપે રોમાબેન શાહના ખેતરમાં મરઘીના મારણ અને પાણીની વ્યવસ્થા સાથે તાત્કાલિક પાંજરું ગોઠવ્યું હતું. ઉપરાંત સિંહની હિલચાલ કેદ કરવા નજીકના લોકેશન પર ચાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને વન વિભાગ દ્વારા ફૂટ માર્ક (પગલાં)ની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. જો કે, હાલ ખેતમજૂરોમાં ડર હોવાને કારણે ખેતીકામ પર માઠી અસર પડી છે. વન વિભાગે ગ્રામજનોને સતર્ક રહેવા અને એકલા ખેતરમાં ન જવા તાકીદ કરી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ પુષ્ટિ થશે કે દેખાયેલું પ્રાણી ખરેખર સિંહ છે કે અન્ય કોઈ વન્યજીવ.

# નિરમા ગ્રુપના હેલિકોપ્ટરનું નવસારીમાં ઈમરજન્સી લેન્ડિંગ

**ટેકનિકલ** ખામીને કારણે નવસારી નજીકના મગોબ-ભાઠામાં ખુલ્લા ખેતરમાં સુરક્ષિત ઉતરાણ કરાયું, તમામનો બચાવ

**નિરમા** ગ્રુપના એમડી હિરેન પટેલ અને અન્યો સહિત 5 હેલિકોપ્ટરમાં સવાર હતા

નવસારી : નવસારી શહેર નજીક આવેલા મગોબ ભાઠા ગામે બુધવારે બપોરે એવી ઘટના બની કે એક સમયે ગ્રામજનોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. આકાશમાં અચાનક ખૂબ નીચું ઉડતું હેલિકોપ્ટર જોઈ લોકો ગભરાઈ

...અનુસંધાન પાના 9 પર



### પાયલોટની હાજરજવાબી અને કુશળતાની પ્રશંસા

પ્રાથમિક તપાસમાં હેલિકોપ્ટરમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. હાલ નિષ્ણાતો દ્વારા ખામીનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે. ઘટનાના થોડા સમય બાદ હેલિકોપ્ટરમાં સવાર તમામ લોકો સુરક્ષિત રીતે બાય રોડ મુંબઈ જવા માટે રવાના થયા હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક લોકો આજે પણ આ ઘટનાની ચર્ચા કરી રહ્યા છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, “એક સમયે લાગ્યું કે હવે મોટો અકસ્માત થશે, પરંતુ પાયલોટે જે રીતે હેલિકોપ્ટર સંભાળ્યું તે જોઈ સૌએ રાહતનો શ્વાસ લીધો.” સમગ્ર ઘટનામાં પાયલોટની હાજરજવાબી અને કુશળતાની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે.

# 72 IASની બદલી, સુરત, ભરૂચ, તાપી જિ.ના કલેક્ટર બદલાયા

**સુરતના** કલેક્ટર સૌરભ પારધીના સ્થાને તેજસ પરમારની નિમણૂક

**તાપીના** કલેક્ટર વિપીન ગર્ગના સ્થાને દેવ ચૌધરી મુકાયા

**ભરૂચના** કલેક્ટર ગૌરાંગ મકવાણાની જગ્યાએ ડો. નવનાથ ગવહાણે મુકાયા

ગાંધીનગરઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં મોટા પાયે ફેરફારો કરવામાં આવ્યા છે. સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા મોડી રાત્રે

...અનુસંધાન પાના 9 પર

### કોની કોની બદલીઓ કરાઈ ?

1. ડી.એન. મોદી- જામનગરથી ગાંધીનગર ડેવલપમેન્ટ કમિશનર
2. આનંદ બાબુલાલ પટેલ- કચ્છથી કમિશનર ઓફ સ્કૂલ્સ
3. સુજીત કુમાર- અમદાવાદથી સ્પેશિયલ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ
4. અજય પ્રકાશ- GEDAથી GETCOના MD
5. ડો. સૌરભ પારધી- સુરત કલેકટરથી ડિરેક્ટર, સિવિલ સપ્લાય
6. ગૌરાંગ મકવાણા- ભરૂચ કલેકટરથી ડિરેક્ટર, GEDA
7. સંજય મોદી- નર્મદાથી GSTDREIS એક્ઝિક્યુટિવ ડિરેક્ટર
8. કિરણ ઝવેરી- મોરબીથી નડિયાદ મ્યુનિસિપલ કમિશનર
9. ક્ષિપ્રા અગ્રે- નવસારી કલેકટરથી

...અનુસંધાન પાના 9 પર

### ક્યાં ક્યાં નવા કલેક્ટર મુકાયા

- ભવ્ય વર્મા - અમદાવાદ
- તેજસ પરમાર - સુરત
- યોગેશ ચૌધરી - જૂનાગઢ
- દેવ ચૌધરી - તાપી-વ્યારા
- ડો. નવનાથ ગવહાણે - ભરૂચ
- મનીષ ગુરવાની - નવસારી
- ગંગા સિંહ - નર્મદા

...અનુસંધાન પાના 9 પર

### નવા મ્યુનિસિપલ કમિશનરો

- દીપેશ કેડિયા - જામનગર
- સંગીતા રાયાણી - મોરબી
- આર.એન. ડોડિયા - આણંદ
- જયેશ ઉપાધ્યાય - નવસારી
- એન.એફ. ચૌધરી - વાપી
- બી.ડી. દવેરા - ગાંધીધામ
- જે.કે. જાદવ - સુરેન્દ્રનગર
- શાલિની દુહાન - મહેસાણા

# NEET રદ થતાં વિદ્યાર્થીઓનાં આયોજનો પર પાણી ફરી વળ્યું

**કેટલાકનું** વિદેશમાં MBBS કરવાનું સપનું હતું, તો કેટલાક રજા માણવાના મૂડમાં હતા

**હવે** તમામે ફરી પરીક્ષા માટે મહેનત કરવી પડશે, ફરીથી પરીક્ષા આપવી પડશે

સુરતઃ NEETની પરીક્ષા અચાનક રદ થવાના નિર્ણયથી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો ભારે ચિંતા અને માનસિક તણાવનો સામનો કરી રહ્યા છે. વર્ષોની મહેનત બાદ પરીક્ષા પૂરી થતાં જેમણે આગળના પ્લાનિંગ કર્યા હતા, તેમના તમામ આયોજનો પર

વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો.

...અનુસંધાન પાના 9 પર

### વિદેશમાં MBBS કરવાનું સપનું રોળાયું, આખું વર્ષ બગડવાની ભીતિ



ચોકબજારમાં રહેતી આલિયા શેખે NEETની પરીક્ષા આપ્યા બાદ સપ્ટેમ્બર મહિનામાં MBBSના અભ્યાસ માટે જ્યોર્જિયા જવાનું નક્કી કર્યું હતું. તે વિદેશ જવા માટે જરૂરી IELTS પરીક્ષાની પ્રિપેરેશનમાં લાગી ગઈ હતી અને જ્યોર્જિયા જવાની આતુરતાથી દિવસો ગણી રહી હતી. પરંતુ હવે પરીક્ષા રદ થતાં તેણે IELTSની તૈયારી અટકાવીને ફરીથી NEETનું પુનરાવર્તન કરવું પડશે. તેના ભાઈ ફરીદ શેખના જણાવ્યા મુજબ, જો આલિયા

...અનુસંધાન પાના 9 પર

### બારડોલીના તબીબ પરિવારનો અમેરિકા પ્રવાસનો પ્લાન કેન્સલ



બારડોલીના ડો. અતિત દેસાઈના દીકરાએ પણ આ વર્ષે નીટની પરીક્ષા આપી હતી. ડો. દેસાઈએ

...અનુસંધાન પાના 9 પર

### પરીક્ષાના કારણે લગ્ન પ્રસંગ અટવાયો, તારીખો બદલવાની નોબત આવી



સૂઝૈન શેખના પરિવારમાં NEETની પરીક્ષાને કારણે જ કઝિનના લગ્નની તારીખો એડજસ્ટ

...અનુસંધાન પાના 9 પર

# એક જ દિવસમાં ગરમીનો પારો 8 ડિગ્રી ગગડ્યો, સુરતને રાહત

**પારો** 42.2 ડિગ્રીથી ગગડી સીધું 34.3 ડિગ્રીએ પહોંચ્યો

સુરતઃ છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમીનો સામનો કરી રહેલા સુરત શહેરમાં આજે હવામાનમાં નોંધપાત્ર પલટો જોવા મળ્યો હતો. શહેરનું મહત્તમ તાપમાન એકાએક ૮ ડિગ્રી ઘટીને ૪૨.૨ ડિગ્રીથી સીધું

...અનુસંધાન પાના 9 પર

### આગામી બે-ત્રણ દિવસ ગરમી યથાવત રહેવાની શક્યતા

હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ યથાવત રહેવાની શક્યતા છે. ભેજનું પ્રમાણ ઊંચું રહેતા ઉકળાટનો અનુભવ યથાવત રહી શકે છે.

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર


## અનાવિલ અવસાન/બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ઈન્દુબેન ધીરજલાલ નાયકનું (ગામ સુપા, હાલ સુરત) દુઃખદ અવસાન તા. ૧૨/૦૫/૨૦૨૬ ના રોજ થયેલ છે.

:: સદ્‌ગતનું સયુંકત બેસણું ::
તાઃ ૧૫/૦૫/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ બપોરે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન એ.સી હોલ, દયાળજી અનાવિલ આશ્રમ, મજુરાગેટ, સુરત મુકામે રાખેલ છે.

સ્વ. ઈન્દુબેન ધીરજલાલ નાયક

પિયર પક્ષઃ
સ્વ. મગનભાઈ રણછોડજી દેસાઈ (વડોદરા)
અતુલ રણછોડજી દેસાઈ (વડોદરા)
જયંત મગનભાઈ દેસાઈ (વડોદરા)
જયમિન અતુલ દેસાઈ (અમદાવાદ)

લિ.
જીતેન્દ્ર ધીરજલાલ નાયક (પુત્ર)
ઊર્મિ જીતેન્દ્ર નાયક (પુત્રવધુ)
સ્નેહલ જીતેન્દ્ર નાયક (પૌત્ર)
હિનલ સ્નેહલ નાયક (પૌત્રવધુ)
હિતેન્દ્ર નાનુભાઈ નાયક (SBI)(ભત્રીજો)
કલ્પના હિતેન્દ્ર નાયક (ભત્રીજા વહુ)
નવ્યા સ્નેહલ નાયક (પ્રપૌત્રી)

લૌકિક રિવાજ સદંતર બંધ છે.

## ચોવીસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




સ્વ. નરેન્દ્રભાઈ જીવાચંદ શાહ
સ્વ. તા. ૦૮-૦૬-૨૦૦૨, સ્વ .તિથિ. વૈ. વદ ૧૩

આપની વિદાયને આજે ચોવીસ વર્ષ પુરા થયા. જીવનભર પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ચંદનસમુ જીવન જીવીને સુખ, સમૃદ્ધિ આપી ગયા. આપનો માયાળુ, ઉદાર અને લાગણીભર્યો હસમુખો સ્વભાવ, વ્યવહાર કુશળતા, બીજાઓને મદદરૂપ થવાની ભાવના, સુવિચારો, સદ્‌ગુણો, સંસ્કાર અને આત્મબળ આ બધા ગુણોના સંગમ અમારા હદયમાં સદા જીવંત રહેશે. પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
નરેન્દ્ર જીવાચંદ શાહ પરિવાર
નિશા ડાયમંડ
૨૦૧, શ્રીજી બિલ્ડિંગ, જદાખાડી, મહિધરપુરા, સુરત.

## સ્નેહસભર શ્રદ્ધાંજલી



સ્વ. નરેશભાઈ ચંપકલાલ ગાંધી
દિલગીરી સાથે જણાવવું કે મારા નાના ભાઈ તા.૧૧-૦૫-૨૦૨૬ ને સોમવારના સ્વર્ગવાસ થયેલ છે. ભગવાન એમના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ પ્રાથના.

લિ.
સ્વ. ચંપકલાલ નાનાલાલ ગાંધી પરિવાર
અરવિંદભાઈ ચંપકલાલ ગાંધી
મીનાબેન અરવિંદભાઈ ગાંધી
પ્રીતિ અને મનોજ ગાંધી | પૂજા અને અલ્પેશ ગાંધી
ચેરીલ અને દીપ ગાંધી | ધ્રુવી અલ્પેશ ગાંધી
જેની અને કપિલ ગાંધી | શૈલી અને મૃગેશ ગાંધી
હિયાન અને હેરિક ગાંધી | વૈશાલી અને જિતેન્દ્ર ગાંધી

GANDHI
GANDHI GROUP OF INDUSTRIES

## છ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



“જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે” કેટલું નહિ, કેવુ જીવ્યા એ જ યાદ રહી જાય છે. તમારો દેહ તો વિલીન થયો છે પરંતુ આત્મા વિલીન થયો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિ કદી વિસરાશે નહી. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ...

સ્વ. મોહનભાઈ દલપતભાઈ પટેલ
સ્વ. તા. ૧૪-૧૧-૨૦૨૫

:: શોકાતુર ::
શૈલેષ મોહનભાઈ પટેલ (પુત્ર) | હર્ષિલ શૈલેષભાઈ પટેલ (પૌત્ર)
અમિષ મોહનભાઈ પટેલ (પુત્ર) | પાર્થિવ અમિષભાઈ પટેલ (પૌત્ર)
વિમલ મોહનભાઈ પટેલ (પુત્ર) | નિલય વિમલભાઈ પટેલ (પૌત્ર)
તથા સમસ્ત પરીવાર

: નિવાસ સ્થાન :
૪-૫, સ્વીટ ઓમ સોસાયટી, ગેઈલ ટાવરની સામે, આનંદ મહલ રોડ, સુરત.
મૂળ વતન : માસમા (વચલું ફળીયું), તા. ઓલપાડ, જિ. સુરત.